# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**તારીખ : 07-04-2024** **બપોરે : 1.20થી 1.30**

**વાર : રવિવાર**

## આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

- ✓ લોકસભા ચુંટણીનો પ્રચાર વેગવાન બનતો જાય છે – વિવિધ રાજકીય પક્ષો દ્વારા જનસભા, રેલી સહિત અનેક કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.
- ✓ આગામી સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં રાખીને પંચે સુવિધા પોર્ટલને સક્રિય બનાવ્યું છે. માત્ર 20 દિવસમાં આ પોર્ટલ પર 73 હજારથી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ છે
- ✓ ચૂંટણી પંચે મહારાષ્ટ્ર સહિત 6 રાજ્યો માટે 2 કેટેગરીમાં વિશેષ નિરીક્ષકોની નિમણૂક કરી છે.
- ✓ ભારતીય તટરક્ષક દળ જહાજ IGCS વીરાએ ગઈકાલે બંગાળની ખાડીમાં આંધ્રપ્રદેશના કિનારે 9 માછીમારોને બચાવ્યા.
- ✓ આજે વિશ્વ આરોગ્ય દિવસ છે. જેમાં આ વર્ષની થીમ છે 'મારું સ્વાસ્થ્ય, મારો અધિકાર'.
- ✓ આજે IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ વાનખેડે સ્ટેડિયમમાં બપોરે સાડા ત્રણ વાગે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# pm bihar

ભાજપના અગ્રણી નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારના નવાદામાં એનડીએના ઉમેદવારના સમર્થનમાં ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. આ રેલીમાં ભાજપના સાથીપક્ષો પણ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, એક અઠવાડિયામાં પ્રધાનમંત્રી આ બીજી ચૂંટણી રેલી છે. અગાઉ ચોથી એપ્રિલે શ્રી મોદીએ જમુઇ વિસ્તારમાંથી રેલી કરી હતી.

# UPDATE - PM-MADHYA-PRADESH

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જલપાઈગુડીના ધૂપગુડી બ્લોકના ઝૂમુરમાં આજે બપોરે ૩ વાગે જાહેરસભાના સંબોધશે. ઉલ્લેખનીય છે કે, શ્રી મોદી આગામી લોકસભા ચૂંટણી 2024 માટે બીજીવખત પશ્ચિમ બંગાળની મુલાકાતે છે.

આ ઉપરાંત શ્રી મોદી આજે સાંજે મધ્યપ્રદેશના જબલપુર મતવિસ્તારમાં રોડ શો દ્વારા લોકસભા ચૂંટણી માટે ભાજપના પ્રચારની શરૂઆત કરશે. આ રોડ શો આજે સાંજે શહીદ ભગત સિંહ ચાર રસ્તાથી શરૂ થશે અને જબલપુરના ગોરખપુર વિસ્તારમાં આદિ શંકરાચાર્ય ચાર રસ્તા પર સમાપ્ત થશે.

# CONGRESS CHUTANI ABHIYAN

કોંગ્રેસ પક્ષે ગઈકાલે સાંજે તેલંગણાના રંગા રેડ્ડી જિલ્લાના થુક્કુગુડા ખાતે જન જતારા નામની જાહેર સભા સાથે ચૂંટણી અભિયાનની શરૂઆત કરી.

તેલુગુમાં પાર્ટીના ચૂંટણી ઢંઢેરાનું અનાવરણ કર્યા પછી એક વિશાળ જાહેર સભાને સંબોધતા, રાહુલ ગાંધીએ તેલંગાણામાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન આપેલા વચનો પ્રત્યે કોંગ્રેસ પક્ષની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

તો બીજી તરફ કોંગ્રેસે આગામી લોકસભા ચુંટણી માટે વધુ 6 ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જેમાં ઉત્તર ગોવા મતવિસ્તારમાંથી રમાકાંત ખલાપ અને દક્ષિણ મતવિસ્તારમાંથી કેપ્ટન ફર્નાન્ડીસને મેદાને ઉતાર્યા છે. સત્યપાલસિંહ સિકરવાર મધ્યપ્રદેશના મોરેનાથી ચુંટણી લડશે અને પ્રવીણ પથલ ગ્વાલિયર બેઠક પરથી ચુંટણી લડશે.

# JAIPUR - ELECTION

રાજસ્થાનમાં લોકસભા ચૂંટણી દરમ્યાન ફરજ પર રોકાયેલા કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન શરૂ થઈ ગયું છે.

મુખ્ય ચૂંટણી અધિકારી પ્રવીણ ગુપ્તાએ જણાવ્યું હતું કે, લોકસભાની ફરજ પરના કુલ 3 લાખ 76 હજાર અધિકારીઓ અને કર્મચારીઓને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાની સુવિધા આપવામાં આવી છે. ગઈકાલે તમામ જિલ્લાઓમાં ઉભા કરાયેલા સુવિધા કેન્દ્રો પર પ્રથમ દિવસે 20 હજાર 751 કર્મચારીઓએ મતદાન કર્યું હતું.

શ્રી ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ કેન્દ્રો પર પ્રથમ તબક્કા માટે 18 એપ્રિલ સુધી અને બીજા તબક્કાની લોકસભા બેઠકો માટે 25 એપ્રિલ સુધી મતદાન થઈ શકશે.  દરમિયાન રાજ્યમાં હવે ચૂંટણી પ્રચાર પણ તેજ બન્યો છે.

## MANIPUR LOK SABHA ELECTIONS

મણિપુરનીબે બેઠકો માટે લોકસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાશે અને આંતરિક મણિપુર સંસદીય મતવિસ્તારની બેઠક માટે 19મી એપ્રિલના રોજ મતદાન યોજાશે.

અમારા ઇમ્ફાલનાં સંવાદદાતાના જણાવ્યા અનુસાર આંતરિક મણિપુર લોકસભા મતવિસ્તારના મતદારોની કુલ સંખ્યા નવ લાખ 89 હજાર 887 છે, જેમાં પાંચ લાખ 16 હજાર 150 મહિલા મતદારોનો સમાવેશ થાય છે. આ બેઠક માટે ત્રણ અપક્ષ ઉમેદવારો સહિત છ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે.

# EC-SUVIDHA

આગામી સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં રાખીને પંચે સુવિધા પોર્ટલને સક્રિય બનાવ્યું છે. આ અંગે ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, સામાન્ય ચૂંટણી 2024ની જાહેરાત પછી માત્ર 20 દિવસમાં સુવિધા પોર્ટલ પર 73 હજારથી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ છે.

સુવિધા પોર્ટલ ફર્સ્ટ ઇન ફર્સ્ટ આઉટ સિદ્ધાંત પર પારદર્શક રીતે વિવિધ પ્રકારની અરજીઓને મંજૂરી આપે છે. રેલીઓનું આયોજન કરવા, પક્ષની અસ્થાયી કચેરીઓ ખોલવા, ડોર-ટુ-ડોર કેનવાસિંગ, વિડીયો વાન, હેલિકોપ્ટર, વાહનોની પરમિટ મેળવવા અને પત્રિકાઓનાં વિતરણ માટેની તમામ પરવાનગીઓને સુવિધા પોર્ટલ દ્વારા ઝડપથી મંજૂરી પ્રાપ્ત થાય છે.

ચૂટણી પંચના જણાવ્યા અનુસાર સુવિધા પોર્ટલે અત્યાર સુધી 44હજાર 600 થી વધુ અરજીઓને મંજૂરી આપી છે અને 10 હજારથી વધુ અરજીઓને અમાન્ય અથવા નકલી હોવાથી રદ કરી છે, બાકીની અરજીઓ હાલ પ્રક્રિયા હેઠળ છે. ઉલ્લેખનીય છે કે, તમિલનાડુમાંથી સૌથી વધુ 23 હજારથી વધુ અરજીઓ મળી હતી, ત્યારબાદ પશ્ચિમ બંગાળમાંથી લગભગ 12 હજાર અને મધ્યપ્રદેશમાંથી 10 હજારથી વધુ અરજીઓ મળી હતી.

સુવિધા પોર્ટલ (SUVIDHA.ECI.GOV.IN) દ્વારા રાજકીય પક્ષો અને ઉમેદવારો કોઇપણ સમયે, કોઇપણ સ્થાન પરથી, ઓનલાઈન અરજી કરી શકે છે. ઉપરાંત તમામ હિસ્સેદારોને સમાન તક મળી રહે તેમાટે ઑફલાઇન અરજીના વિકલ્પ પણ ઉપલબ્ધ છે.

# ELECTION COMMISSION

ભારતના ચૂંટણી પંચે તાજેતરમાં મહારાષ્ટ્ર સહિત છ રાજ્યો માટે બે કેટેગરીમાં (સામાન્ય અને પોલીસ) વિશેષ નિરીક્ષકોની નિમણૂક કરી છે.

ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં જારી કરાયેલી એક નોંધમાં જણાવવામાં આવ્યું છે કે, મહારાષ્ટ્રમાં, નિવૃત્ત IASઅધિકારી ધર્મેન્દ્ર એસ ગંગવારને સામાન્ય વિશેષ નિરીક્ષક અને ભૂતપૂર્વ IPS અધિકારી NK મિશ્રાને પોલીસ વિશેષ નિરીક્ષક બનાવવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને બિહાર જેવા રાજ્યોની વસ્તી સાત કરોડથી વધુ હોવાથી પંચે આ રાજ્યોમાં વિશેષ નિરીક્ષકો (સામાન્ય અને પોલીસ)ની નિમણુંક કરી છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર વિશેષ નિરીક્ષકો, ભૂતપૂર્વ સિવિલ સેવકો, ડોમેન કુશળતામાં તેજસ્વી ટ્રેક રેકોર્ડ અને ચૂંટણી પ્રક્રિયાઓનો અનુભવ, તેમને કડક તકેદારી સાથે ચૂંટણી પ્રક્રિયાની દેખરેખનું કામ સોંપવામાં આવ્યું હતું. આ વિશેષ નિરીક્ષકો કર્મચારીઓ, સુરક્ષા દળો અને વોટિંગ મશીનોની દેખરેખ રાખશે. તેઓ રાજ્યના મુખ્યમથકો પર જશે અને સંવેદનશીલ

વિસ્તારોની મુલાકાત પણ લેશે. આ નિરીક્ષકો સરહદી વિસ્તારો પર પણ પૂરતુંધ્યાન રાખશે અને પ્રલોભનોના પ્રવાહને રોકવા માટે જરૂરી કાર્યવાહી કરશે. તેમજ ચૂંટણીની પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે તેઓ મતદાનના છેલ્લા 72 કલાકો ખાસ પ્રકારની દેખરેખ રાખશે.

# INDIAN COSTGAURD

ભારતીય તટરક્ષક દળ જહાજ IGCS વીરાએ ગઈકાલે બંગાળની ખાડીમાં આંધ્રપ્રદેશના કિનારે 9 માછીમારોને બચાવ્યા હતા. આ માછીમારો ગંભીર રીતે દાઝી ગયા હતા જ્યારે તેમની બોટમાં આગ લાગી હતી અને દરિયામાં ડૂબી ગયા હતા.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ICGS વીરાએ પરિસ્થિતિમાંથી બચી ગયેલા લોકોને મદદ પૂરી પાડવા માટે તાત્કાલિક પગલાં લીધાં છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, બચાવાયેલા તમામ નવ લોકોને મેડિકલ ટીમ દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. બાદમાં તમામ ઇજાગ્રસ્ત માછીમારોને સારવાર માટે વિશાખાપટ્ટનમની કિંગ જ્યોર્જ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ભારતીય તટરક્ષક દળ એ દરિયામાં માછીમારોને તેમજ દરિયામાં શોધ અને બચાવ માટે રાષ્ટ્રીય સંકલન એજન્સી સહાય પૂરી પાડતી મુખ્ય સંસ્થા છે.

# WORLD HEALTH DAY

આજે વિશ્વ આરોગ્ય દિવસ છે. વૈશ્વિક સ્વાસ્થ્ય જાગૃતિ વધારવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની થીમ છે 'મારું સ્વાસ્થ્ય, મારો અધિકાર' જે વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઇઝેશન દ્વારા જાહેર કરવામાં આવી છે.

WHOએ હાઇલાઇટ કર્યું છે કે, 140 થી વધુ દેશોએ તેમના બંધારણમાં સ્વાસ્થ્યને માનવ અધિકાર તરીકે માન્યતા આપી હોવા છતાં, ઘણા દેશો આરોગ્ય સંભાળની સેવા પ્રદાન કરવા માટે કાયદાઓ પસાર નથી કરી રહ્યા. જે પરિસ્થિતિ આબોહવા સંકટને કારણે વધુ ગંભીર બની છે.

આ તકે આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતાં નવી દિલ્હી એઈમ્સના પ્રોફેસર ડૉ. રીમા દાદાએ જણાવ્યું હતું કે, જીવનશૈલીમાં મુખ્ય ફેરફારો અને યોગ જેવી પદ્ધતિઓ અપનાવવાથી રોગોને હરાવવામાં મદદ મળી શકે છે જે હાલ ખાસ કરીને યુવાનોમાં ચિંતાજનક દરે વધી રહી છે .

# IMD

ભારતીય હવામાન વિભાગે આજે મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળઅને ઓડિશાના કેટલાક ભાગોમાં વરસાદ માટે ઓરેન્જ

એલર્ટ જાહેર કર્યો છે. આ સાથે, દેશના વિવિધ ભાગોમાં છૂટાછવાયા વાવાઝોડા,વીજળી અને તોફાની પવન સાથે મધ્યમ વરસાદની આગાહી કરી છે.

ઉપરાંત વિભાગે પૂર્વઅને દ્વીપકલ્પના ભારતીય વિસ્તારોમાં આજે અને આવતીકાલે હીટવેવની આગાહી કરી છે. આ સાથે, કેરળના વિવિધ જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરાયું છે, જેમાં 6 એપ્રિલથી 10 એપ્રિલ સુધી લોકો માટે કાળઝાળ તાપમાન અને પડકારજનક સ્થિતિની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કોલ્લમ અને પલક્કડ જિલ્લામાં મહત્તમ તાપમાન 40 સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે.

# IPL-CRICKET

IPLમાં આજે બે મેચ રમાશે મુંબઈ ઈન્ડિયન્સ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં બપોરે સાડા ત્રણ વાગે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. જ્યારે સાંજે સાડા સાત વાગે લખનઉ સુપર જાયન્ટ્સ લખનઉના ભારત રત્ન શ્રી અટલ બિહારી  વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સનો સામનો કરશે.

દરમ્યાન જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 6 વિકેટે હરાવ્યું હતું. 184 રનના વિજય લક્ષ્યાંકનો પીછો કરતા રાજસ્થાન રોયલ્સે 19 ઓવર અને 1 બોલમાં 4 વિકેટે 189 રન બનાવ્યા હતા. રાજસ્થાન રોયલ્સ તરફથી જોસ બટલરે અણનમ 100 રન બનાવ્યા અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) માટે રીસ ટોપલેએ બે વિકેટ લીધી હતી જ્યારે યશ દયાલ અને મોહમ્મદ સિરાજે 1-1 વિકેટ લીધી હતી. પ્રથમ બેટિંગ કરતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે 20 ઓવરમાં 3 વિકેટે 183 રન બનાવ્યા હતા. આરસીબી માટે વિરાટ કોહલીએ 113 રન અને કેપ્ટન ડુ પ્લેસિસે 44 રન બનાવ્યા હતા. રાજસ્થાન રોયલ્સ તરફથી યુઝવેન્દ્ર ચહલે બે અને નાન્દ્રે બર્જરે એક વિકેટ ઝડપી હતી.

## HOCKEY

હોકીમાં, ભારતીય પુરુષ ટીમ આજે ઓસ્ટ્રેલિયામાં પાંચ મેચોની શ્રેણીની બીજી મેચમાં ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે. મેચ બપોરે 2.10 વાગ્યે શરૂ થશે. સીરિઝની શરૂઆતની મેચમાં ઓસ્ટ્રેલિયાએ ગઈકાલે ભારતને 5-1થી હરાવ્યું હતું. સીરીઝની ત્રીજી મેચ બુધવારે આ જ સ્થળે રમાશે.

# WB-NIA-CUSTODY

પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુર જિલ્લાના ભૂપતિનગરમાં ગઇકાલે રાષ્ટ્રીય તપાસ સંસ્થા - NIAની ટીમ પર હુમલો કરવામાં આવ્યો હતો. ટીમ ત્યાં તપાસ અભિયાન માટે ગઈ હતી.

ડિસેમ્બર 2022ના ભૂપતિનગર બોમ્બ વિસ્ફોટના સંબંધમાં જ્યારે એજન્સીએ તૃણમૂલ કોંગ્રેસના બે સ્થાનિક નેતાઓને કસ્ટડીમાં લેવાનો પ્રયાસ કર્યો, ત્યારે  તેમના પર હુમલો કરવામાં આવ્યો. ત્યારબાદ તૃણમૂલ કોંગ્રેસના ત્રણ સ્થાનિક નેતાઓ બોમ્બ વિસ્ફોટમાં માર્યા ગયા હતા.

NIA આ કેસની તપાસ કરી રહી છે. NIA તેઓને કોલકાતા લઈ ગઈ છે તેઓને વિશેષ NIA કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ધરપકડ કરાયેલા મનબ્રત જાના અને બલાઈ ચરણ મૈતીનો ભૂપતિનગર બોમ્બ બ્લાસ્ટ સાથે સીધો સંબંધ છે. NIAએ અગાઉ પણ બે વખત આઠ લોકોને પૂછપરછ માટે બોલાવ્યા હતા. ગઇકાલે ધરપકડ કરાયેલા આઠ લોકોમાં આ લોકોનો પણ સમાવેશ થાય છે.